કમિશ્નર કચેરી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર
તા.૦૭/૦૪/૨૦૧૫

## -: દફતરી હુકમ :-

ભાવનગર મહાનગરપાલિકા મિલ્કત વેરા વિભાગની વસૂલાતમાં વેરા લાવવાના હેતુસર અને બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ પ્રકરણ ૮ ની કલમ ૪૨ થી ૪૭ અન્વયે કરવામાં આવેલ જપ્તીમાં વસૂલાત માટે થનાર ખર્ચની રકમની ગણતરી હવે પછીથી નીચે મુજબ કરવાની રહેશે. અને આ રકમ નિયમ(૪૨) મુજબ કસૂરદાર પાસેથી વસૂલ કરવાની રહેશે.

(૧) નિયમાનુસાર ડીમાન્ડ નોટીસ ફી અને વોરંટ ફી વસૂલ લેવાની રહેશે.

(૨) પ્રકરણ ૮ના નિયમ ૪૨ મુજબ વસૂલાત માટેના ખર્ચમાં નીચેની બાબતોનો સમાવેશ વખતો વખતના ભાવફેરને લક્ષ્યમાં રાખી હાલ નીચે મુજબ નક્કી કરવામાં આવે છે.

(૩) કોઈપણ મિલ્કત જપ્ત કરવા માટે જયારે પણ પોલીસ બંદોબસ્તની જરૂર પડે ત્યારે પોલીસ બંદોબસ્ત માટેનો ખર્ચ પોલીસ ખાતાના નિયમાનુસાર કસૂરદાર પાસેથી વસૂલ લેવાનો રહેશે.

(૪) જપ્તી માટે દાંડી પીટીને ઉદઘોષિત કરવા માટેનો ઢોલીનો ખર્ચ રૂા.૨૦૦/- પ્રતિમિલ્કત નિયત કરાવામાં આવે છે. જાહેર ઉદઘોષણા કરવા માઈક સીસ્ટમ બેટરી બેકઅપ સાથે રૂા.૧,૦૦૦/- કસૂરદાર પાસેથી વસૂલ લેવાના રહેશે.

(૫) જપ્તી માટે જરૂર પડે વાહનો/મશીનરીના ઉપયોગનો ખર્ચ અને લોડીંગ અનલોડીંગ માટેના બેલદારનો ખર્ચ નીચે મુજબ રહેશે.
(a) ટ્રેકટર :- રૂા.૧૪૮૦/- પ્રતિદિન/આઠ કલાક
(b) ડમ્પર :- રૂા.૩૪૨૦/- "
(c) બેલદારઃ- રૂા.૩૪૮/- "
અન્ય મશીનરી ખરેખર થયેલ ખર્ચ મુજબ

(૬) સમગ્ર જપ્તીનું વીડીયોગ્રાફી માટેનો ખર્ચ રૂા.૪૪૦/- પ્રતિ કલાક મુજબ વસુલ લેવા પાત્ર રહેશે.

(૭) જપ્તીની સમગ્ર કાર્યવાહીની વીડીયોગ્રાફીની એક નકલ કસૂરદાર ધ્વારા અરજી કર્યેથી રૂા.૫૦/- વસુલ કરીને અરજી કર્યેથી દિન.૨ માં રીકવરી ઓફીસર ધ્વારા પૂરી પાડવાની રહેશે.

(૮) સ્થળ ઉપર કસૂરદાર જપ્તીની કાર્યવાહી દરમ્યાન ચેક આપવા સંમત થયેલ હોય તો જપ્તીની કાર્યવાહી રદ્દ કરીને માંગણા તેમજ વહીવટી ચાર્જની એટલે કે પોલીસ બંદોબસ્ત, મશીનરી, ઢોલી અને અન્ય ખરેખર ખર્ચ વસુલ લીધા બાદ જપ્તી માંડવાળ કરી શકાશે.

(૯) જપ્ત કરેલ જંગમ મિલ્કત એસ્ટેટ વિભાગે જમા કરવાની રહેશે. જેની જાળવણી તથા એસ્ટેટ વિભાગે તેનો રેકોર્ડ નિભાવવાનો રહેશે. આ મિલ્કત જપ્ત કર્યાના પાંચ દિવસ બાદ રકમ વસુલાત આવેથી રીકવરી ઓફીસરશ્રીઓએ હરરાજીથી વેચાણની કાર્યવાહી કરવાની રહેશે.

આ ઉપરાંત વસુલાતમાં ઉપર નિર્દિષ્ટ ના કર્યા હોય તેવા કિસ્સામાં ખરેખર કરવામાં આવેલ ખર્ચ મુજબ તેની માંગણાની રકમમાં ઉમેરી શકાશે. અને વખતો વખત ફેરફારને આધીન રહેશે.

ઉપરોક્ત વિગતે કોઈપણ મિલ્કતને જપ્તીમાં/ટોચમાં લેવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે ત્યારે ઉપર મુજબ વસૂલાત માટેનો ખર્ચ તેના લ્હેણી રકમમાં ઉમેરીને રકમ નિયમાનુસાર વસૂલાત કરવામાં આવશે.

કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

<u>નકલ રવાના :–</u>

(૧) પ્રો.ટેક્સ સુપ્રિ.(પૂર્વ)
(૨) પ્રો.ટેક્સ સુપ્રિ.(પશ્ચિમ)
(૩) રીકવરી ઓફીસર (પૂર્વ)
(૪) રીકવરી ઓફીસર (પશ્ચિમ)
(૫) ઈ.ડી.પી.મેનેજર
(૬) ઓડીટ વિભાગ
(૭) એકાઉન્ટ વિભાગ
(૮) સેક્રેટરીશ્રી
(૯) એસ્ટેટ વિભાગ
(૯) સંબધિત ફાઈલે